# વડાલીના ધામડી ગામેથી સાબરકાંઠા જિલ્લાના કૃષિ મહોત્સવનો પ્રારંભ

હિંમતનગર, તા.૬

વડાલીના ધામડી ખાતે શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ સાબરકાંઠા જિલ્લા કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

દીપ પ્રાગ્ટ કરી કૃષિ મહોત્સવમાં જોડાનાર ધામડીના ગ્રામજનોને અભિનંદન પાઠવતા મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, આજથી સમગ્ર રાજ્યમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો છે ત્યારે કૃષિ મહોત્સવ સાચા અર્થમાં ખેડૂતો માટે ઉત્સવ બન્યો છે. રાજ્યમાં છેલ્લા કેટલાક વર્ષોમાં કૃષિ ઉત્પાદન વધ્યું છે. કૃષિલક્ષી કામગીરમાં મહિલા વર્ગનો ફાળો મોટો છે. મહિલાઓ માત્ર ઘરકામ જ નહિ પરંતુ કૃષિકાર્યમાં સમાંતર રીતે જોડાયેલી રહે છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ભારતીય સંસ્કૃતિ એ સાચા અર્થમાં કૃષિ સંસ્કૃતિ છે. રાજ્ય સરકારે કૃષિ મહોત્સવના માધ્યમથી કૃષિ સંસ્કૃતિને ઋષિ સંસ્કૃતિ સાથે જોડીને કૃષિ ક્ષેત્રે પરિવર્તન લાવી દીધું છે. ગ્રામ વિસ્તારોમાંથી શહેર તરફ દોટ મૂકતા યુવાનોને હવે કૃષિ ક્ષેત્રે વધુ આવકની તકો મળી છે. આથી ગામડાઓ તૂટતા બચ્યા છે. એટલું જ નહિ શહેર જેવી સુવિધાઓ ગામડાઓમાં પણ મળી રહે તેની ચિંતા રાજ્ય સરકારે કરી છે.

છેલ્લા કેટલાય દાયકાઓમાં ખેતી વિષયક આયોજન હાથ ધરવામાં આવ્યા નહોતા પરંતુ રાજ્ય સરકારે છેલ્લા સાત વર્ષથી કૃષિ મહોત્સવનું આયોજન કરી રાજ્યમાં કૃ,િઅને પશુપાલન ક્ષેત્રમાં ક્રાંતિ લાવવામાં સફળતા મેળવી છે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. રાજ્ય સરકારે પશુઓના આરોગ્યની ચિંતા કરી, પશુ આરોગ્ય મેળા અને સારવાર કેમ્પનું આયોજન કરી રસીકરણ, પશુ શસ્ત્રક્રિયા અને કૃત્રિમ બીજદાન જેવી પશુલક્ષી અનેકવિધ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે.

પ્રાસંગિક પ્રવચન કરતાં કૃષિ વૈજ્ઞાનિકશ્રી પટેલે જણાવ્યું હતું કે, કૃષિ મહોત્સવના કારણે ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે અનેકવિધ પરિવર્તનો થયા છે. રાજ્ય સરકારે ખેડૂતોના હિતને ધ્યાને લઈ રાજ્યભરમાં ચેકડેમોનું નિર્માણ કરી જળક્ષેત્રે ક્રાંતિ લાવી દીધી છે.


ગ્લોબલ વૉર્મિંગના કારણે હવામાનમાં ઘણા પરિવર્તનો આવ્યા છે. આથી હવે ખેડૂતોને કૃષિ પદ્ધતિમાં પણ પરિવર્તન કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતોને ઘેરબેઠા કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શન ઉપલબ્ધ થશે.

કૃષિક્ષેત્રે નૂતન અભિગમ અપનાવનાર પ્રગતિશીલ ખેડૂત સર્વશ્રી જયંતિભાઈ પટેલ, ગિરીશભાઈ સહિતને મંત્રીશ્રી તથા મહાનુભાવોએ સન્માનિત કરી બિરદાવ્યા હતા અને લાભાર્થીઓને કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વડાલી તાલુકા વિકાસ અધિકારીશ્રી પ્રજાપતિએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના સદ્સ્યશ્રી ભીખાભાઈ પરમાર, ભોગીભાઈ પટેલ, ધામડી ગામના સરપંચ શ્રીમતી કોદીબેન પટેલ, વડાલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનશ્રી જયંતિભાઈ પટેલ, મામલતદારશ્રી મકવાણા સહિત ગોતા, મોરડ, વાઠોડ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ સહિત આસપાસના ગામોના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



હિંમતનગર તાલુકાના રાયગઢ ખાતે ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલે સાબરકાંઠા જિલ્લા કૃષિ મહોત્સ્વનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હેમલત્તાબેન પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ જે. ડી. પટેલ, જિલ્લા ભાજપના મહામંત્રી વિજયભાઈ પંડ્યા, જિલ્લા તથા તાલુકા પંચાયતના સદસ્યશ્રી સહિત રાયગઢ, નવલપુર (ભા), રાયપુર, બીલપણા, જવાનપુરા, જવાનગઢ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ સહિત આસપાસના ગામોના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : મગનજી વણઝારા)



બનાસકાંઠાના પાલનપુરના મહેમુદમીયાં એન. કાદરીના દુઃખદ અવસાન બાદ એક સમયે કોમીનલ તોફાનો માટે પાલનપુર બદનામ થયેલ તે વેળાએ કોમી એકતાના મસીહા, ગરીબોના બેલી અને હંમેશા સેવાકાર્યો માટે તત્તપર રહેતા મરહુમ કાદરી સાહેબને શ્રદ્ધાંજલી અર્પવા આજે પાલનપુર નગરપાલિકા સભા ખંડમાં શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે શહેરમાંથી જુદા જુદા ક્ષેત્રના મહાનુભાવોએ કાદરી સાહેબને શ્રદ્ધાસુમન અર્પણ કરીને તેમની સાથે શહેરની પ્રજા માટે કાદરી સાહેબે કરેલ સેવાકાર્યોને યાદ કરી કોમી એકતાના મસીહાને ખુદા જન્નત બક્ષે તેવી પ્રાર્થના કરી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# થરા પાલિકાના ચીફ ઑફિસરની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો

કાંકરેજ, તા. ૬

કાંકરેજ તાલુકાની થરા નગર પાલિકાના ચીફ ઑફિસરની બદલી ડાકોર નગરપાલિકા ખાતે કરાતાં તેમના માનમાં થરા પાલિકા દ્વારા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો.

થરા નગરપાલિકાના ચીફ ઑફિસર તરીકે અગ્યાર મહિના પહેલાં વિરમગામથી પધારેલા ગૌતમ બ્રહ્મભટ્ટે ગત તા. ૯ જૂન, ૨૦૧૧ના રોજ ચીફ ઑફિસરનો ચાર્જ સંભાળ્યો હતો અને થરા નગરમાં ગૌરવ પથ, વૃક્ષારોપણ, ગટર વ્યવસ્થા, સફાઈ, આરોગ્ય સહિતનાં અનેક વિકાસ કામો કર્યાં હતાં. પરંતુ સરકારી નિયમ મુજબ અધિકારીઓની બદલી થતી રહે છે. તે પ્રમાણે તેમની ડાકોર પાલિકા ખાતે બદલી થતાં શનિવારે સવારે તેમના માનમાં પાલિકા પ્રમુખ મૂળરાજસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં પાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ વસંતજી ઘાંઘોસ, અચરતલાલ ઠક્કર, પૃથ્વીરાજસિંહ વાઘેલા, કિશોર પ્રજાપતિ, ખાનુભા વાઘેલા તથા પાલિકાના કૉર્પોરેટરોએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું અને ચીફ ઑફિસરની કામગીરીને બિરદાવી તેમે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વર્ષો પછી દલિત સમાજના યુવકનો વરઘોડો નીકળ્યો

તલોદ, તા.૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ગામ ખાતે ગતરોજ સાંજે ભારે ઐતિહાસિક પોલીસ બંદોબસ્ત હેઠળ દલિત પરિવારના એક વરરાજાનો વરઘોડો નીકળ્યો હતો. વરરાજાના સંખ્યાબંધ સગાવ્હાલા સાથે તેઓની સલામતી માટે પોલીસ કાફલાને અહીં ખડેપગે રહેવાની ફરજ પડી હતી. જેમાં આઈ.પી.એસ. અધિકારીથી માંડી પો.કોન્સ. સુધીના પોલીસ કર્મીઓ લગનીયાઓની તૈનાતમાં કલાકો સુધી ખડે પગે રહ્યા હતા. ગામમાં દલિતો અને ક્ષત્રિયોના જૂથ વચ્ચે થોડા દિવસ પહેલાં થયેલ અથડામણને કારણે દલિતોએ આ લગ્ન હેમખેમ પાર પાડવા ઉચ્ચ કક્ષાએ પોલીસ બંદોબસ્તની માંગ કરી હતી. જે અન્વયે જિલ્લા પોલીસે આમ આ ફરજ નિભાવી હોવાનું જાણવા મળેલ છે.

મનાય છે કે, આઝાદી બાદ આ ગામમાં દલિત સમાજના વરરાજાનો વરઘોડો આ રીતે પ્રથમ વખત જ નીકળ્યો હતો. આ વરઘોડામાં ઉપસ્થિત રહેવા ગામેગામથી આવેલ વરરાજાના સગાં સંબંધીઓએ ગામમાં અનેક સ્થળોએ ફરીને વરઘોડામાં ગરબાની રમઝટ પણ મનાવી હતી. ભૂતકાળમાં થોડા દિવસ ઉપર જ થયેલ તકરારને કારણે કંઈક અજૂગતું ન બને કે કોઈ અવરોધ પેદા ન થાય તે માટે સવારથી જ ઉતરી પડેલા પોલીસ કાફલાને કારણે સંપૂર્ણ સલામતીનો માહોલ ઉદભવ્યો હતો.

આ વરઘોડાની તૈનાતમાં જિલ્લામાં પ્રોબેશન પિરિયડ પર આવેલા અને હિંમતનગર રૂરલના સુપ્રિ. ઓફ પોલીસનો હવાલો સંભાળતા આઈ.પી.એસ. અધિકારી નિર્લિપ્ત રૉય સ્વયં હાજર રહ્યા હતા તેમજ તલોદ મામલતદાર એમ.કે. પ્રજાપતિ પણ હાજર રહ્યા હતાં. તે ઉપરાંત નાયબ પોલીસ અધિક્ષક પી.આર. ગેલોત, સીપીઆઈ એસ.કે. ત્રિવેદી, આઈ.બી. વિભાગના પો.ઈન્સ. એન.ડી. સોલંકી ઉપરાંત તલોદ પો.સ. ઈન્સ. વી.વી. ઓડેદરા સહિત ૫ પોલીસ સબ ઈન્સ્પેટર તથા ૨૫થી વધુ પોલીસના જવાનો પણ આ દલિત સમાજના વરરાજાના વરઘોડાની સલામતી માટે ખડે પગે રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં તાજપુર કેમ્પ ગામે દલિત પરિવારના વરરાજાની જાનનો વરઘોડો ક્ષત્રીય પરિવારોની વસાહતમાંથી પસાર થતો હતો ત્યારે બે જૂથ વચ્ચે સામાન્ય બાબતમાંથી ધિંગાણું મચી જવા પામ્યું હતું. દલિતોના દાવા મુજબ ક્ષત્રિય સમાજના લોકોએ પોતાના ફળિયા વિસ્તારમાંથી જાન/વરઘોડો વાજતે ગાજતે નહિ લઈ જવા આગ્રહ રાખી તકરાર ઉભી કરી હતી. બીજી તરફ ક્ષત્રીયોના દાવા મુજબ બેન્ડ-વાજાના અવાજથી ભડકેલી ભેંસો દોરડું તોડી ભાગતાં બેન્ડ-વાજાવાળાઓને થોડી વાર વાજાં બંધ રાખવા જણાવતાં કેટલાક દલિતો આક્રમક બન્યા હતા. જેઓએ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એટ્રોસિટિ કાયદા હેઠળ ફરિયાદ કરી ફીટ કરાવી દેવાની પણ ધમકી આપી હતી. બંને જૂથોએ પ્રાણઘાતક હથિયારો સાથે હુમલા કર્યાની ફરિયાદ તલોદ પોલીસ દફતરે નોંધાવી હતી. જેમાં નાડીયા સમાજના સદસ્ય તરફથી ક્ષત્રિય સમાજના ૪ મહિલા અને ૧૫ પુરૂષો મળી કુલ ૧૯ આરોપીઓ સામે તલોદ પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં દર્શાવેલા તમામ એટલે કે ૧૯ આરોપીઓની વિધિવત ધરપકડ પોલીસે કરી હતી.

ક્ષત્રિયા સમાજના સદસ્ય ફરિયાદીઓ નાડીયા સમાજના કુલ ૨૪ આરોપીઓ સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી. જેમાં ૪ મહિલા અને ૨૦ પુરૂષ આરોપીઓનો સમાવેશ થાય છે.

નાડીયા પરિવારના આ તમામે તમામ એટલે કે ૨૪ આરોપીઓની આજ દિન સુધી પોલીસે ધરપકડ નહિ કરતાં ફરિયાદી પક્ષે વ્યથાની લાગણી ઉદભવી હોવાનું જોવા મળ્યું હતું. આ અંગે ક્ષત્રીય સમાજ તરફથી કાયદો દરેકને માટે લાગુ પડે જ અને પોતાને ન્યાય મળે તેવા આશય સાથે નામદાર કોર્ટના દ્વાર ખટખટાવવાની તજવીજ કરવામાં આવી રહી હોવાનું પણ જાણવા મળેલ છે.







પ્રાંતિજમાં આવેલ પૌરાણિક સ્વામીનારાયણ મંદિરમાં બિરાજમાન હરિકૃષ્ણ મહારાજ તથા ભગવાન રાધા કૃષ્ણદેવનો ૧૨૫મો પાટોત્સવ અને રજત શતાબ્દી મહોત્સવ પાંચ દિવસ સુધી પૂ. પુરષોત્તમ પ્રકાશદાસજી જેતલપુર ધામની નિશ્રામાં ઉજવાઈ રહ્યો છે. જેમાં આગામી દિવસોમાં મહાવિષ્ણુયાગ, અખંડ ધૂન, મહાભિષેક, છપ્પન ભોગ, અન્નકૂટ અને શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે. સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે ૧૨૫ મા પાટોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે ત્યારે ઉજવણીના પ્રારંભે સ્વામિનારાયણ સોસાયટીમાંથી વરઘોડા અને બેન્ડવાજા તથા આતશબાજી સાથે મૂળ સ્થાન પર પોથીયાત્રા પહોંચી હતી. આ ધાર્મિક પર્વે મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી અને સુંદર કથા, પ્રવચન અને કથાસારનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# બનાસકાંઠા પોલીસ દ્વારા સાઈબર ક્રાઈમ રોકવા તાલીમ કેમ્પ યોજાયો

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ગુનાખોરીનો ગ્રાફ જેટ ગતિઓ વધતો અટકાવવા માટે નવા વરાયેલા એસ.પી. અશોકકુમાર યાદવ દ્વારા પોલીસ તંત્ર સાયબર ક્રાઈમ અંગે જાગૃત બની ટ્રેનિંગ લઈ આવા તત્વોને અંકુશમાં રાખવા સુસજ્જ બને તે માટે આજે પાલનપુર ખાતે અમદાવાદથી ખાસ ટીચરો દ્વારા તાલીમ અપાઈ હતી. આજે બનાસકાંઠાના ૨૩ પોલીસ સ્ટેશનોના પોલીસ સબ ઈન્સ્પેકટરો, કોમ્પ્યુટર ઓપરેટરો, હે.કો. અને પો.કો.નો બે દિવસનો તાલીમ કેમ્પ યોજવામાં આવ્યો હતો. પોલીસ હેડ કવાટર્સ ખાતે યોજાયેલ આ કેમ્પમાં ૬૨થી વધુ પોલીસે ભાગ લીધો હતો. આ કેમ્પમાં અમદાવાદના ટ્રેનર દેવ રાઠોડ અને ફાલ્ગુન રાઠોડ દ્વારા તાલીમ અપાઈ હતી. આ તાલીમ બાદ બનાસકાંઠામાં વધતી ગુનાખોરી અને ખાસ તો સાયબર ક્રાઈમ અટકાવવા ખુબ જ મદદરૂપ બનશે તેવો મત એસ.પી. અશોક યાદવે મિડિયા સમક્ષ વ્યકત કર્યો હતો.

## ટૂંકી મુદતની જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૨-૧૩

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી જનરલ મેનેજર (પ્રોજેકટ-૧) જી.એસ.આર.ડી.સી., ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૫૨૯૧૨/૧૫ દ્વારા કન્સલ્ટન્સી સર્વીસ ઓફ પ્લાન, એસ્ટીમેન્ટ તથા જનરલ એરેન્જમેન્ટ ડ્રોઈંગ તથા ડીટેઈલ ડીઝાઈન ઓફ બ્રીજ કમ્પોનેન્ટ ફોર બ્રીજ (મેજર તથા માઈનોર) ઓન સરખેજ - ધોળકા - વટામણ - ધોલેરા - ભાવનગર રોડ કુલ કામો-૨ (૨) માટેના તેની અંદાજીત રકમ રૂ. ૬ લાખ તથા ૪.૭૫ લાખ સુધીની છે. માટે કન્સલ્ટન્સી કામનો અનુભવ ધરાવતા ઈસમો / કંપની પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

પ્રસ્તુત કામની કોરી ટેન્ડર કોપી કચેરીથી તા. ૮/૫/૨૦૧૨ સુધીમાં સાંજના ૧૬-૦૦ કલાક સુધી આપવામાં આવશે. જ્યારે ભરેલ ટેન્ડર રજી. પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મોકલવાની છેલ્લી તારીખ : ૧૪/૫/૨૦૧૨ સુધીમાં સાંજના ૧૬-૦૦ કલાક સુધી અત્રેની કચેરીએ મોકલવાના રહેશે.

ભાવપત્રકની માંગણી કરનાર ઈજારદાર દ્વારા નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજ રજૂ કરવાના રહેશે. (૧) કન્સલ્ટન્સી તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ અંગેનું પ્રમાણપત્ર (૨) કેલેન્ડર વર્ષ ૨૦૧૧ની રૂ. ૫.૦૦ લાખની બેંક સોલવંશી (૩) પાનકાર્ડની નકલ (૪) અગાઉ સરકારી / અર્ધસરકારી કચેરીનું કામ કરેલ હોય તેવા કામનું વર્ક ઓર્ડર રજૂ કરવાના રહેશે.

કોઈપણ જાતના કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર મંજુર / નામંજુર કરવાના હક્ક સક્ષમ અધિકારી અબાધિત રાખે છે.

માહિતી/૨૯૪/૨૦૧૨-૧૩

## પાટણ જિલ્લાના કલેક્ટરે બહાર પાડેલ જમીન સંપાદન અધિનિયમની કલમ-૪ હેઠળ પ્રાથમિક જાહેરનામું

### જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ (સને-૧૮૯૪નો ૧લો)

જિલ્લો : પાટણ તા. ૧૭ એપ્રીલ, ૨૦૧૨

વળતર કેસ નં. ૦૨/૧૨

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પુરતા જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫૨-કની પેટા કલમ(૨)થી મળેલી સત્તા હેઠળ બહાર પડેલા તા. ૨૬/૧૦/૭૮ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એ.એમ. ૭૮/૨૦૯૪ એમ.એલ.એ.ક્યુ. / ૨૦૭૮ / ૧૦૮૧ - એલ. એ.-૪ થી સદરહુ અધિનિયમના ભાગ-૭ હેઠળ કંપનીઓ માટે જમીન સંપાદન માટે પ્રાથમિક જાહેરનામું બહાર પાડવાની સત્તાઓ સિવાયની કલમૃ૪ હેઠળ પ્રાથમિક જાહેરનામું બહાર પાડવાની રાજ્ય સરકારી સત્તા જિલ્લા કલેક્ટરને સોંપવામાં આવી છે.

અને પાટણ જિલ્લા કલેક્ટરને એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીન / જમીનની ડીડરોલ - અંબિકાનગર - એપ્રોચ રોડ માટે જમીન સંપાદનના જાહેર હેતુ માટે જરૂર પડે / પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારું સદરહુ જમીનમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજૂરી વિના વેચાણ, પેટા, ગીરો, નામફેર વિનિમય દ્વારા અથવા અન્યથા સદરહુ જમીનના નિકાલ માટેનો અથવા તેમાં ખર્ચ કરવા માટેના અથવા સુધારણા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય છે કે, સદરહુ જમીનની ઉપર્યુક્ત હેતુઓ માટે જરૂર છે. તો સદરહુ અધિનિયમની કલમ-૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતું કર્યું હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

તા.૧૧/૧૦/૧૯૬૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એલ.એ.ક્યુ. / ૨૨૬૨/૬૯૧૭૭ - કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમની ૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) હેઠળ જિલ્લા કલેક્ટરશ્રી સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ-૫(ક) હેઠળ કલેક્ટરશ્રીના કાર્યો બજાવવા માટે મહાલ / તાલુકાનો તે સમયે હવાલો ધરાવતા હોય તેવા નાયબ કલેક્ટર, સિદ્ધપુરને નીમે છે.

#### અનુસુચિ (૧)

જિલ્લો : પાટણ તાલુકો : સિદ્ધપુર ગામ : ડીંડરોલ વળતર કેસ નં. ૦૨/૧૨

જાહેર હેતુ : ડીંડરોલ - અંબિકાનગર - એપ્રોચ રોડ માટે જમીન સંપાદન કરવાના કામો.

| રે. સ. નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|
| ૧૧૧/૧ | ૦-૦૧-૪૮ |
| ૧૧૧/૨ | ૦-૦૧-૪૮ |
| ૧૧૩/૧ | ૦-૦૩-૫૩ |
| ૧૧૩/૧ | ૦-૦૩-૫૩ |
| ૧૧૪/૧ | ૦-૦૧-૨૧ |
| ૧૧૪/૨ | ૦-૦૧-૨૧ |
| ૧૧૫/૧ | ૦-૦૨-૨૩ |
| ૧૧૫/૨ | ૦-૦૨-૪૫ |
| ૧૧૫/૩ | ૦-૦૪-૨૮ |
| ૧૧૫/૫ | ૦-૧૮-૮૫ |
| ૧૧૫/૬ | ૦-૦૫-૦૪ |
| ૧૧૯/૧ પૈકી ૧ પૈકી | ૦-૦૧-૮૭ |
| ૧૨૦ | ૦-૦૬-૭૨ |
| ૧૨૧ પૈ. ૨ | ૦-૦૩-૧૨ |

#### અનુસુચિ (૨)

જિલ્લો : પાટણ તાલુકો : સિદ્ધપુર ગામ : મામવાડા વળતર કેસ નં. ૦૨/૧૨

જાહેર હેતુ : ડીંડરોલ - અંબિકાનગર - એપ્રોચ રોડ માટે જમીન સંપાદન કરવાના કામે.

| રે. સ. નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|
| ૬૬ | ૦-૦૦-૩૯ |
| ૬૭ | ૦-૦૫-૩૩ |
| ૬૮ પૈ. | ૦-૦૭-૦૪ |
| ૮૦ | ૦-૦૪-૮૬ |
| ૮૨ | ૦-૦૭-૩૫ |
| ૮૩ | ૦-૦૧-૩૫ |
| ૮૪ | ૦-૦૭-૯૧ |
| ૮૫/૧ | ૦-૦૩-૩૫ |
| ૮૬/૧ પૈ | ૦-૦૯-૯૮ |
| ૧૧૧ | ૦-૦૬-૧૨ |
| ૧૧૨ પૈ ૧ | ૦-૦૩-૭૦ |
| ૧૧૨ પૈ ૨ | ૦-૦૪-૫૦ |
| ૧૧૫/૧ | ૦-૦૦-૬૦ |
| ૧૧૫/૨ | ૦-૦૨-૩૦ |
| ૧૧૫/૩ | ૦-૦૧-૨૦ |
| ૧૧૬/૧ | ૦-૦૭-૩૨ |
| ૧૧૭/૨ | ૦-૦૪-૪૦ |
| ૧૧૮/૧ | ૦-૦૭-૬૨ |
| ૧૩૩/૨ પૈકી | ૦-૦૦-૯૨ |

સહી/-
(એચ. આચ. ત્રિવેદી)
નાયબ કલેક્ટર, સિદ્ધપુર

સહી/-
(જે. જી. હિંગરાજીયા)
કલેક્ટર, પાટણ

ક્રમાંક : નામાનિ/પાટણ/૭૯/૨૦૧૨-૧૩

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને કવાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧